# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-04-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## જિલ્લા ચૂંટણી અધિકારી - આદિપુર ખાતે જાગૃતિ કાર્યક્રમ :

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ આદિપુર ખાતે દિવ્યાંગ મતદારો માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. 'માતાલક્ષ્મી રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ'માં આયોજિત આ કાર્યક્રમમાં ૬૦ થી ૭૦ મૂક-બધિર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડી. જે. દેસાઈની ઉપસ્થિતિમાં નિષ્ણાતોએ સાંકેતિક ભાષા દ્વારા દિવ્યાંગોને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓએ લોકશાહીના પર્વમાં અચૂક મતદાન કરવાના શપથ લીધા હતા. આ આયોજનને સફળ બનાવવા સહ નોડલ ઓફિસર વિપુલ ડોરિયા અને મેહુલભાઈ ભટ્ટના સ્ટાફે જહેમત ઉઠાવી હતી

-----------------------------------------------------------------------------------------

## ચૂંટણી આયોગ :

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના મતદાન અને પુનઃમતદાનના બીજા દિવસને કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવા રાજ્ય ચૂંટણી આયોગે જણાવ્યું છે. સત્તાવાર યાદી મુજબ, મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂર્ણ થયા બાદ રિસિવિંગ સેન્ટર પર મોડી રાત્રે અથવા બીજા દિવસે પરોઢે પહોંચતા હોય છે. એટલે તેઓ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવી મુશ્કેલ બને છે. તેને ધ્યાનમાં રાખી ચૂંટણી આયોગે મતદાનના બીજા દિવસને ચૂંટણી ફરજ પરનો જ સમયગાળો ગણવા નિર્ણય કર્યો છે.

---

## ચુંટણી તૈયારી :

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. જિલ્લાના 1896 મતદાન બૂથ માટે ફાળવવામાં આવેલા 4000 જેટલા ઈવીએમના કમીશનિંગની કામગીરી તાલુકા મથકોએ શરૂ કરી દેવાઈ છે,જે મંગળવાર સુધીમાં સંપન્ન થશે.

આ પ્રક્રિયામાં બેલેટ યુનિટ પર ઉમેદવારના નામ, ફોટો અને પ્રતીક લગાવી મોકપોલ કર્યા બાદ તેને સીલ કરી સ્ટ્રોંગરૂમમાં રખાશે. ચૂંટણી સુચારુ રીતે સંપન્ન થાય તે માટે 10 હજાર જેટલા પોલિંગ સ્ટાફને વિશેષ તાલીમ આપવામાં આવી છે. મતદાનના એક દિવસ પૂર્વે રેન્ડમાઈઝેશન પ્રક્રિયા દ્વારા ઈવીએમ અને ચૂંટણી સાહિત્ય જે-તે મતદાન મથકો પર રવાના કરવામાં આવશે.

---

## અક્ષય તૃતીયા - કચ્છની સુવર્ણ બજારમાં મિશ્ર પ્રતિસાદ :

અક્ષય તૃતીયાના પાવન પર્વે કચ્છની સુવર્ણ બજારમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. મધ્ય-પૂર્વના યુદ્ધ અને ભાવમાં અણધારી વધઘટને કારણે આ વર્ષે મોટી ખરીદીમાં ઘટાડો નોંધાયો છે. જોકે, શુકન સાચવવા માટે ગ્રાહકોએ નાની-મોટી વસ્તુઓની ખરીદી કરતા બજારમાં 30થી 40 ટકા જેટલી સરેરાશ ઘરાકી રહી હતી.

કચ્છ બુલિયન ફેડરેશનના અગ્રણીઓના જણાવ્યા મુજબ, આગામી લગ્નસરાની સિઝનને પગલે ગ્રામ્ય વિસ્તારના ઓર્ડરની ડિલિવરી લેવા લોકો ઉમટ્યા હતા. મોટા રોકાણના બદલે લોકોએ પરચૂરણ આઈટમો પસંદ કરી હતી. વેપારીઓ આશાવાદી છે કે, આગામી દિવસોમાં સ્થિતિ સુધરશે અને બજારમાં ફરી તેજી જોવા મળશે.

---

## ભુજ - ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તપાસ :

ભુજમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઉનાળાની સિઝન પૂર્વે જન આરોગ્યની સુખાકારી માટે ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ભુજના રઘુવંશી સર્કલ પાસે આવેલી 'નંદની આઈસક્રીમ (રસિકલાલ)' પેઢીમાંથી કેસર પિસ્તા અને બ્લેક કરંટ આઈસક્રીમના શંકાસ્પદ નમૂના લઈ લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલાયા હતા.

ફૂડ સેફ્ટી ઓફિસરોની તપાસમાં સ્થળ પરથી આશરે રૂ. 10,000ની કિંમતનો 5 કિલો એક્સપાયર્ડ એસેન્સ, ફ્લેવર અને કલરનો જથ્થો મળી આવ્યો હતો. જાહેર આરોગ્યને નુકસાન ન થાય તે હેતુથી આ અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તંત્રની આ કડક કાર્યવાહીથી ખાદ્યપદાર્થોના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

---------------------------------------------------------------------------------

## હવામાન વિભાગની આગાહી :

હવામાન વિભાગની આગાહી મુજબ, કચ્છ જિલ્લામાં આગામી ૨૭ એપ્રિલ સુધી વાતાવરણ સંપૂર્ણપણે શુષ્ક રહેશે. આગામી ચાર દિવસ તાપમાન સ્થિર રહ્યા બાદ,ગરમીના પારામાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

ખાસ કરીને ૨૪ થી ૨૬ એપ્રિલ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાશે, જેના કારણે નાગરિકોએ ભારે બફારા અને અસ્વસ્થતાનો સામનો કરવો પડી શકે છે. હવામાનમાં આવનારા આ ફેરફારને પગલે તંત્ર દ્વારા લોકોને ગરમીથી બચવા અને સાવચેત રહેવા સૂચન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## પ્રાથમિક શિક્ષણ વિભાગ - પરિણામ પત્રકની પદ્ધતિમાં ફેરફાર :

પ્રાથમિક શિક્ષણ વિભાગે પરિણામ પત્રકની પદ્ધતિમાં મોટા ફેરફાર કર્યા છે. તે અનુસાર ધોરણ 1 અને 2ના વિદ્યાર્થીઓને હવે હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ અપાશે.

આ કાર્ડમાં ગુણ નહીં પરંતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ, વર્તન, કુશળતા અને સર્વાંગી વિકાસનો સમાવેશ થશે. જ્યારે ધોરણ 3 થી 8માં હવે પરિણામ ઓનલાઈન તૈયાર કરાશે.

પરીક્ષા બાદ શાળા વિદ્યાર્થીઓના ગુણ ઓનલાઈન અપલોડ કરશે. ત્યારબાદ પરિણામ ઓનલાઇન ડાઈનલોડ કરી વિદ્યાર્થીઓને વિતરણ કરાશે.

---------------------------------------------------------------------------------------